Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૮ • તા. ૨૮ નવેમ્બર ૨૦૧૬ થી ૦૪ ડિસેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદ : દિવાળી સ્નેહમિલન ૨૦૧૬



શેઠશ્રી નરશી નાથાની છબીને માળા અર્પણ અને દિપ પ્રાગટ્ય કરતા શ્રી ધનપતભાઈ, મૌનિક ધરમશી, લતાબેન મોમાયા, વિરેન્દ્રભાઈ, ધીરજભાઈ ધુલ્લા અને જ્યોતી મોતા



શ્રોતાગણ
નવકાર મંત્ર પઠન



કાર્યક્રમ સંચાલિકા શ્રીમતી રશ્મીબેન રાજેશ લોડાયા



પ્રેસીડેન્ટ શ્રી ધનપત લાલજી મોતાનું પ્રવચન



શ્રી મોનિક વિનોદ ધરમશી દ્વારા સેક્રેટરી રિપોર્ટ



સરસ્વતિ વંદના SSC/Intermediate/Graduation
ઇનામ દાતાશ્રી માતુશ્રી જેતબાઈ જેતશી ધુલ્લા પરિવાર



હીરાવંતીબેન અને ધનપતભાઈ દ્વારા સ્વામી વાત્સલ્ય દાતા શ્રી માણેકજી શામજી લાલકા પરિવારનું બહુમાન



મિનાક્ષી અને મોનિક ધરમશી દ્વારા ભેટ દાતાશ્રી શ્રીમતી હીરાવંતીબેન ને ધનપત મોતાનું બહુમાન



લતાબેન અને હેમાંગ મોમાયા દ્વારા બ્રાઈડ ઑફ ઇંડિયા શૉ ના સ્પોન્સરર શ્રીમતી મિનાબેન ગુલાબ મોતા



સ્વાગત નૃત્ય



કેડીઓ મહિલા મંચ સમિતી દ્વારા પ્રસ્તુત વિશેષ શૉ 'બ્રાઈડ ઓફ ઇંડીયા'



મ્યુઝીકલ તંબોલા (સંગીત કાર્યક્રમ)ના પ્રસ્તુતકર્તા યુવા વર્ગ

વિસ્તૃત અહેવાલ ૧૧મા પાને



મહાજનની નવી કમિટી ૨૦૧૬-૨૦૧૯ : શ્રી ધીરજ ધુલ્લા, શ્રી હિરેન પટેલ, શ્રી ધનપત મોતા, શ્રી ગુલાબ મોતા, શ્રીમતી કાંતાબેન દંડ, ઉભું - શ્રી લહેરચંદ લોડાયા, શ્રી કીરીટ નરશી મોમાયા, શ્રી મોનિક વિનોદ ધરમશી, શ્રી હેમાંગ મણીકાંત મોમાયા, શ્રી વિરેન્દ્ર મોતા, શ્રી કાંતિલાલ મોતા

## અબાકસ (વિશેષ ગણિત)ના અનોખા તાલીમદાતા શ્રીમતી મિતા પ્રશાંત પદમશી શાહ (લાલકા) સાંયરા-પુના



મિતાબેન



મિતાબેનનો પરિવાર



દ્વિતીય - રોશિકા મેડગે





તૃતીય આવનાર અંકીતા કોપીકર અને જાનકી ચૌધરી

બહુમુખી પ્રતિભા ધરાવનારા **શ્રીમતી મિતા પ્રશાંત પદમશી લાલકા** (સાંયરા-પુના) બી.કૉમ., એલ.એલ.બી., બી.એડ., ડિપ્લોમા ઇન પર્સનલ મેનેજમેન્ટ અને અબાકસના મોડરેટર (શિક્ષક તાલીમ દાતા) એમ વિવિધ સિદ્ધિ ધરાવે છે. એમણે પોતાની પાસે એબાકસની તાલીમ લેનારા પ્રતિભાવંતો બાળકોની પ્રતિભાને એવી સતેજ કરી છે કે તાજેતરમાં ૩૪ દેશોના સેંકડો પ્રતિભાવંત બાળકો સહભાગી થતા હોય તેવી તા. ૧૧/૧૧/૨૦૧૬ના દુબઈમાં યોજાયેલ યુસીએમએ (આંતરરાષ્ટ્રીય અબાકસ અને માનસિક અંકગણિત સ્પર્ધા)માં તેમની પાસે તાલીમ લેનારા એક સ્પર્ધક દ્વિતીય અને બે સ્પર્ધકોએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**મીતાબેન,** શ્રીમતી પ્રભાવતી પદમશી લાલકા (ચોપડા - વારાપધ્ધર)ના પુત્ર વધુ તથા શ્રીમતી દમયંતી દામજી મોમાયા (જામનગર - સાંયરા)ના સુપુત્રી છે. તેમણે મેળવેલી અનેક પદવીઓમાંથી બે દીકરીઓના જન્મ પછી મેળવી છે. તેઓ કથકમાં પણ ઉપાંત્ય વિશારદ છે. તેમના જીવન સાથી પ્રશાંતભાઈ આર્કિટેક છે અને સમાજસેવામાં રૂચિ ધરાવે છે, તેમના પ્રોત્સાહનથી જ મીતાબેન આટલી પ્રગતિ કરી શક્યા છે.

અનુસંધાન ૩જા પાને

## ઝળહળતી સફળતા બદ્દલ અભિનંદન



**સમીર કુલીન નાગડા**
જન્મ - એપ્રિલ ૧૯૮૭
M.Com, ICWA (2nd Year)
Huntman International India Pvt. Ltd.
Cost Accountant



**વિરલ હિતેન્દ્ર નાગડા**
જન્મ - ઓગસ્ટ ૧૯૮૭
B.E. (ETRX)
Pinnacle Industrial Controls Pvt. Ltd.
Project Engineer



**વિસ્મય હિતેન્દ્ર નાગડા**
જન્મ - માર્ચ ૧૯૯૫
B.E. (ELEC)
Power International
Production Engineer

**-: હાર્દિક શુભેચ્છા :-**

| | | |
|---|---|---|
| દાદી - દાદા : | ભાગ્યવંતી લક્ષ્મીચંદ ગાંગજી નાગડા | મોટી ખાવડી - ગોરેગામ |
| નાની - નાના : | પ્રેમિલાબેન લક્ષ્મીચંદ નેણશી લોડાયા (સમીર) | નાની ખાવડી - ભીવંડી |
| નાની- નાના : | વિજયાબેન પ્રવિણચંદ ચંદુલાલ ખોના (વિરલ-વિસ્મય) | રંગપુર - ડોંબિવલી |
| માતા - પિતા : | નીતા કુલીન લક્ષ્મીચંદ નાગડા (સમીર) | મોટી ખાવડી - ગોરેગામ |
| માતા - પિતા : | મમતા હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા (વિરલ-વિસ્મય) | મોટી ખાવડી - ડોંબિવલી |

હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા - 089763 85160 • ઈ-મેલ : hiteshln@yahoo.co.in

## શ્રીમતી મિતા પ્રશાંત પદમશી લાલકા (બીજા પાનાથી ચાલુ)

તેમની શિક્ષક તરીકેની કારકીર્દી ઉજ્જવળ છે. તેમણે પોતે ભણ્યા તેજ જામનગરની સેંટ ઝેવીયર્સ સ્કૂલમાં ૧૯૯૦થી ભણાવવાનું શરૂ કર્યું.

લગ્ન બાદ પુના વસવાટ પછી શરૂઆતમાં ગણિત ભણાવતા હતા પણ પછી અબાકસની પધ્ધતિમાં રસ પડવાથી તેની ફ્રેંચાઈસી (સ્વતંત્ર એકમ સંચાલનની જવાબદારી) લીધી.

તેઓ ૧૧ વર્ષથી અબાકસના વર્ગો લઈ રહ્યા છે અને હવે તેમને પુના ક્ષેત્રના અબાકસ વિદ્યાર્થીઓના શિક્ષકોના તાલીમ આપનાર તરીકે બઢતી મળી છે. તેઓ પુણેમાં ૧૨૦થી વધુ સંખ્યાબળવાળા અબાકસના 'લર્નર્સ લેડર' નામના અબાકસ કેન્દ્રોનું સંચાલન સંભાળે છે. તેમણે વેદિક ગણિતની પણ તાલીમ લીધી છે.

કોલેજમાં ભણાતા હતા ત્યારથી જ તેઓ સમાજસેવા સાથે સંકળાયેલા છે. કોલેજમાં હતા ત્યારે તેમણે જુનિયર જ્યેસીસના સેક્રેટરી તરીકેની જવાબદારી નીભાવી હતી.

તેઓ પુનાના ક.દ.ઓ. જૈન સંઘમાં સેક્રેટરી હતા. હાલે કારોબારી સભ્ય છે. તેઓ પુણે સખીવૃંદના પણ સક્રિય સભ્ય છે.

દસમા ધોરણના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શીખવવાની 'કીપ મુવીંગ મુવમેન્ટ' (ગતિશીલ રહો ઝુંબેશ) સાથે સંકળાયેલા છે.

તેમના વિદ્યાર્થીઓ હંમેશા અબાકસની સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો જીતતા રહે છે.

### સમસ્ત મહાજન : ક્લેઈમનો ચેક અર્પણ

શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા પરિવાર, રવા-ચેમ્બુર પ્રેરિત સમસ્ત જ્ઞાતિ આકસ્મિક મૃત્યુ યોજના અન્વયે શ્રીમતી વિજયાબેન વિજય વિકમશી, કોઠારા-મુલુંડને સ્વ. વિજયભાઈના આકસ્મિક નિધનનો રૂા. ૨,૫૦,૦૦૦/-નો ક્લેઈમનો ચેક રવિવાર, તા. ૨૦-૧૧-૨૦૧૬ના શ્રી અનંતનાથ જિનાલયે, મુંબઈ મહાજનના 'ધાર્મિક મેલા'' સ્પર્ધા દરમ્યાન સમસ્તના મેનેજીંગ ટ્રસ્ટી અને મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાના હસ્તે અપર્ણ કરાયેલ. પદાધિકારીઓ તથા સેક્રેટરી જનરલ ચીમન મોતાએ શ્રી કીરીટભાઈ પરિવારનો 'આભાર' વ્યક્ત કરેલ તથા સદ્‌ગતશ્રીના પરિવારજનોને સાંત્વન આપેલ.


KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯

### કુમઠા તથા વાલગીરી દેરાસરજીના ધ્વજા મહોત્સવ પ્રસંગે તા. ૨૭ તથા ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૭ના

**પધારો ! પધારો ! પધારો !**

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના બંધાયેલ સૌ પ્રથમ દેરાસર (ગૃહ ચૈત્ય - સંવત ૧૮૭૦/શિખરબંધ સંવત ૨૦૧૪ ફાગણ સુદ-૩, તા. ૦૨/૦૩/૧૯૫૮) વાલગીરી (કર્ણાટક)માં મૂળનાયક શ્રી શાંતિનાથ દાદા ચારે તરફ હરિયાળીની વચ્ચે બિરાજમાન છે તેમજ કુમઠા (કર્ણાટક), જે વાલગીરીથી ફક્ત ૪ કી.મી.ની અંતરે છે, જ્યાં શ્રી શામળિયા પાર્શ્વનાથ દાદાની ભવ્ય મૂર્તિ મૂળનાયક રૂપે બિરાજમાન છે અને શ્રી ક્ષેત્રપાલ દાદાનું ભવ્ય જાગૃત દેવસ્થાન છે. કુમઠામાં જમવા તથા રહેવાની વ્યવસ્થા છે.

દર વર્ષે કુમઠા તથા વાલગીરીમાં ફાગણ સુદ-૩ના રોજ ધ્વજા મહોત્સવ ઉજવાય છે. આગામી ધ્વજા મહોત્સવ નિમિત્તે ફાગણ સુદ-૨ (સોમવાર તા. ૨૭/૦૨/૨૦૧૭)ના રોજ અઢાર અભિષેક, રાત્રી ભાવનાનું અને ફાગણ સુદ-૩ (મંગળવાર તા. ૨૮/૦૨/૨૦૧૭)ના રોજ સત્તરભેદી પૂજા તથા ધ્વજા મહોત્સવનું આયોજન કરેલ છે. આ સર્વે પ્રસંગો પરમ પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં સંપન્ન થશે.

તો સૌ જ્ઞાતિજનો, એક વાર અવશ્ય જોવા અને માણવા જેવા આ તીર્થસ્થાનમાં પધારો. દર વર્ષે શ્રી ક.દ.ઓ. જૈન હુબલી મહાજન તથા શ્રી ક.દ.ઓ જૈન ગદગ મહાજનના શ્રાવક-શ્રાવિકાઓ લાભ લે છે.

આસપાસ જોવા લાયક સ્થળોમાં ગોકર્ણ ૩૦ કી.મી. અને મુરડેશ્વર ૪૫ કી.મી. ના અંતરે છે.

**વ્યવસ્થા માટે સંપર્ક :**

**શ્રી કાંતિલાલભાઈ,** કુમઠા - 092421 75461, 090355 52066 • **શ્રી હીરાચંદભાઈ,** વાલગીરી - 081056 05020

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર !**

**નોંધ :** જે કોઈ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ-ઉંમર, મોબાઈલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા હાલ રહેઠાણની વિગત તા. ૩૧/૧/૨૦૧૭ સુધી કુમઠા જણાવવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 48/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ૧૯૭૯માં તૈયાર થયેલા એક સર્વગ્રાહી દસ્તાવેજ સાથેની આજની જ્ઞાતિની સ્થિતિ સાથેની તુલના શું સૂચવે છે ?

મુંબઈ મહાજન અનંતનાથ ટ્રસ્ટ અને વિદ્યાર્થી ગૃહમાં નોંધ પાત્ર સેવા આપનારા વહીવટી શક્તિવાળા દીર્ઘ દ્રષ્ટા આગેવાન વેરશી માડણ મૈશેરીએ ૧૯૭૯ના પ્રારંભે જ્ઞાતિને પ્રગતિને પંથે લઈ જવા તથા સામાન્ય જ્ઞાતિજનો જિંદગી સરળ બનાવવા એક સર્વાંગીણ દસ્તાવેજ તૈયાર કર્યો હતો. તેમણે જ્ઞાતિ સમક્ષ આ દસ્તાવેજ મૂકવા બુધવાર તા. ૨૮/૩/૧૯૭૯ના ધ ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઈલ સીડ મર્ચંટ એસોસીયેશનના હોલમાં વિદ્યાર્થી સંઘની સહાયતાથી એક મિટીંગ પણ યોજેલી. અલબત્ત, બહુ ઓછા લોકાએ રસ લીધો એટલે એ મિટીંગની કોઈ ફલશ્રુતિ ન નીકળી.

આ પછી થોડા મહિનામાં જ હુબલીમાં બીજું જ્ઞાતિ સંમેલન યોજાયું. એક દાયકાથી થોડા વધુ સમય બાદ ત્રીજું જ્ઞાતિ સંમેલન યોજાયું, તેણે આવો સર્વાંગીણ દસ્તાવેજ તૈયાર કરવાનો ઠરાવ પણ કર્યો. તે છતાં ધ્યાનમાં ન લેવાયેલો આ દસ્તાવેજ એ પ્રકારનો ઐતિહાસિક દસ્તાવેજ બની શકે છે.

વેરશીભાઈએ તેમાં કયા મુદ્દા ઉઠાવેલા અને એ બાબત જ્ઞાતિ અત્યારે ક્યાં ઊભી છે તે જાણવું એટલા માટે પણ રસપ્રદ હશે કે આવો દસ્તાવેજ બનાવવો હોય તો કઈ કઈ બાબતનો ખ્યાલ રાખવો જરૂરી હોય તેની સમજ કેળવાય.

**સાધારણ સહાય :** સમુદાયે માંદગીને કારણે પરવશ થયેલા, અપૂરતી આવકવાળા તથા બેકારી ભોગવતી વ્યક્તિના કુટુંબોને સહાય કરવી જોઇએ અને તે માટેની વ્યવસ્થા વિચારવી જોઇએ.

**વૈદકીય સહાય :** સમુદાયે જરૂરતમંદોને વૈદકીય સહાય કરવા ઉપરાંત તે કેટલા પ્રમાણમાં આપવી તે નક્કી કરવા માટે ડૉક્ટરોની પેનલ બનાવવી જોઇએ. વધુમાં જ્ઞાતિ પાસે પુરતા પ્રમાણમાં ડોક્ટરો અને સ્પેશિયાલીસ્ટો હોય તેનું પણ ધ્યાન રાખવું જોઇએ.

**શૈક્ષણિક સહાય :** આ એકમાત્ર ક્ષેત્ર છે જ્યાં વેરશીભાઈએ શૈક્ષણિક સહાય અને મુંબઈમાં બોર્ડીંગ અંગેના જે વિચાર ૧૯૭૯માં કરેલા તે પૂરેપૂરા મૂર્તિમંત થયા હોય.

**રહેઠાણ સંબંધી સહાય :** વેરશીભાઈએ જ્ઞાતિની રહેઠાણ સમસ્યા હલ કરવા સંબંધે નાણાકીય સંસ્થાઓની મદદથી ઉચ્ચ મધ્યમ વર્ગીય જ્ઞાતિજનોને પોતાના માલિકની ધોરણના ઘર અપાવવા તથા સાવ ગરીબો માટે એક રૂમના માલિકી હક્કે મળતા ઘર બનાવવા ઉપરાંત જ્ઞાતિજનો લીવ એન્ડ લાયસંસ પર પોતાની પસંદ અને અનુકુળતા પ્રમાણોના ઘર લઈ શકે તે માટે દર વર્ષે રકમ ફાળવવાની ભલામણ કરી હતી.

પ્રકાશ સમીક્ષાના તંત્રીએ પણ તાજેતરમાં સંસ્કાર-સામાજિક વ્યવહારની દ્રષ્ટિએ જ્ઞાતિજનો માટે યોગ્ય ન હોય એવા વિસ્તારમાં રહેતા જ્ઞાતિજનોને તાત્કાલિક રીતે વ્યવસ્થિત જગ્યાએ વસાવવા લીવ એન્ડ લાયસંસનું ભાડું આપવાની તરફેણ કરી છે એ ઉલ્લેખનીખ છે.

**ઔદ્યોગિક-વ્યાપારી અને વ્યાવસાયિક સાહસો માટેની લોન :** વધુને વધુ જ્ઞાતિજનો ઔદ્યોગિક-વ્યાપારી અને વ્યાવસાયિક સાહસો દ્વારા સાધન સંપન્ન થાય તે મળે વેરશીભાઈએ એવી લોનો આપવાનું સૂચવેલું. એક અર્થમાં આ સ્વપ્ન અરિહંત બેંક રૂપે અશંત સાકાર થયું છે.

**શાળા :** વેરશીભાઈએ યથા શક્ય માંડવી-ઘાટકોપર-ભાંડુપ-મુલુંડમાં જ્ઞાતિની શાળાઓ સ્થાપવાનું સ્વપ્ન જોયેલું. કમભાગ્યે આપણે આ દિશામાં ખાસ કોઈ વિચાર નથી કર્યો.

**મહાજનવાડી :** વેરશીભાઈ ૧૫૦૦ની ક્ષમતાવાળી આધુનિક મહાજનવાડી બધા જ્ઞાતિજનોને અનુકૂળ આવે તેવી જગ્યાએ બાંધવાની ૧૯૭૯માં ભલામણ કરી હતી. આ સ્વપ્ન ઐરાલીની મહાજનવાડી જો થાય તો અંશત પૂર્ણ થાય, ભાંડુપ અનંતસિધ્ધિમાં થાય તો સારું ગણાય ઉપરાંત ડોંબિવલીમાં થાય તો ઉત્તમ ગણાય.

**મુંબઈ ભોજનશાળા :** વેરશીભાઈએ બહારગામથી આવી જ્ઞાતિના અતિથીગૃહમાં કે અન્યત્ર રહેતા કે વ્યવસાય અર્થે એકલા મુંબઈમાં રહેતા જ્ઞાતિજનો માટે ભોજનશાળાની ભલામણ કરેલી,

અલબત્ત આજના સંજોગોમાં મુંબઈમાં કોઈ એક સ્થળે આમ કરવાથી તેનો બહુ લાભ લેવાય તેમ નથી.

**ગૃહ ઉદ્યોગ :** જ્ઞાતિની નિરાધાર અથવા જરૂરતમંદ બહેનોને ગૃહઉદ્યોગ દ્વારા ટેકો આપવાના વેરશીભાઈના સૂચનને જ્ઞાતિએ ઘણે અંશે અમલમાં મૂકી બતાવેલ પણ છેલ્લા કેટલાક સમયમાં તેમાં પીછેહટ થતી જોવાઈ છે.

**બહારગામથી મુંબઈ કમાવવા આવેલાઓ માટે રહેવાની તથા તેવી મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા :** એકંદર સંજોગો જોતા વેરશીભાઈનો આ વિચાર અત્યારે બહુ ઉપયોગી ન ગણાય જ્ઞાતિએ જો કે વર્કીંગ વિમેન્સ માટે વ્યવસ્થા કરી છે. જોકે વેરશીભાઈએ ત્યકતઓ માટે ખાસ વ્યવસ્થા કરવાનું કહેલું એ વાત બાકી છે.

**અતિથી ગૃહ :** વેરસીભાઈએ બહારગામથી મુંબઈ આવનારાઓ માટે ૨૦ રૂમવાળા અતિથીગૃહની વ્યવસ્થા કરવી જોઇએ એવું ૧૯૭૯માં વિચારેલું. જોકે એમણે પોતે ભાંડુપ અનંતસિદ્ધિમાં આવા ૮ રૂમોની વ્યવસ્થા કરાવેલી તેને બાદ કરતાં ઐરોલીમાં અને કદાચ અનંત છાયા બને પછી ત્યાં કદાચ આવી વ્યવસ્થા થવાની છે.

**કચ્છમાં કે બહારગામ રહેતા જરૂરતમંદ કુટુંબોને સહાય :** સમયની દિશાએ આ વાત અપ્રસ્તુત બનાવી દીધી છે.

**વૃધ્ધાશ્રમ :** વેરશીભાઇએ મુંબઈની નજીક વૃધ્ધાશ્રમની આવશ્યકતા ૧૯૭૯માં જોયેલી પણ જ્ઞાતિએ હુબલી ગદગ પાસે જીવન સંધ્યારૂપે આવી વ્યવસ્થા કરી છે. જોકે માંડવી આશ્રમમાં દયનીય સ્થિતિમાં રહેતા ૨૦ જેટલા નિરાધાર જ્ઞાતિજનોની યથાયોગ્ય વ્યવસ્થા કરવાનું બાકી છે.

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતું કેન્દ્ર :** વેરશીભાઇએ ૧૯૭૯માં જ્ઞાતિ પાસે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતું કેન્દ્ર હોવું જોઇએ એવી કલ્પના કરેલી પણ જ્ઞાતિએ એ બાબત હજુ સુધી ખાસ કોઈ વિચાર કર્યો નથી.

**વસતિપત્રક પ્રકાશન :** વેરશીભાઈએ ૧૯૭૯માં નિયમિત સમયાંતરે વસતિપત્રકનું પ્રકાશન કરતી સમિતિ હોય એવી અપેક્ષા રાખેલી જે વસતિપત્રક સમિતિરૂપે પૂરી થઈ છે પણ તેની કામગિરી સંતોષકારક નથી.

**સમુદાયની બેંક :** વેરશીભાઈએ ૧૯૭૯ના પ્રારંભમાં જોયેલા જ્ઞાતિની બેંકના સ્વપ્નને બીજા જ્ઞાતિ સંમેલને સ્વીકાર્યું અને ૧૯૮૪થી તે માટેના ચક્રો ગતિમાન થયા અને અરિહંત બેંક અત્યારે ૩૦ વર્ષથી અસ્તિત્વમાં છે પણ તેનાથી જ્ઞાતિના વ્યવસાયોને ખૂબ જ ટેકો મળશે એવી વેરશીભાઈની ધારણા જો કે બર આવી નથી.

**જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થા :** વેરશીભાઈએ ૧૯૭૯ના પ્રારંભમાં મહાજનના પ્રતિનિધિઓ વરિષ્ઠ આગેવાનો, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ વિવિધ ક્ષેત્રમાંની જ્ઞાતિ પ્રતિભાઓની બનેલી કેન્દ્રીય જ્ઞાતિ સંસ્થાની કલ્પના કરેલી. પણ તેને બદલે બીજા જ્ઞાતિ સંમેલનમાં એકમો રચાયા તથા ત્રીજા જ્ઞાતિ સંમેલનમાં સમસ્ત મહાજન રચાયું.

એકમો ભલે મર્યાદિત ક્ષેત્ર માટે કામ કરતા હોય પણ તેમણે ઘણે અંશે પોતાના હેતુ પાર પાડ્યા છે જ્યારે સમસ્ત મહાજન હજુ બાલ્યાવસ્થામાં જ છે.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ

દ્વારા આયોજિત



શ્રી બીપીનભાઇ નાગડા

## મેડીક્લેમ પોલિસી જાગૃતિ



શ્રી સંદેશ મિશ્રા

રવિવાર. તા. ૧૩.૧૧.૨૦૧૬ના રોજ શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મેડીકલ અવેરનેસ તેમજ મેડીકલ પોલીસી બાબતે મુંજવતા પ્રશ્નો તેમજ ક્લેમ પાસ ન થયા હોય તેનું નિવારણ વગેરે માટે એક સેમિનાર શેઠશ્રી નરશી નાથા બેન્ક્વેટ હોલ (એ.સી.), ભાંડુપ મધ્યે યોજવામાં આવેલ. રોજના જનજીવનમાં મેડીક્લેમ પોલિસી આજે બહુજ મહત્વનો ભાગ છે. આજના દોડધામ વાળા જીવનમાં મેડિક્લેમ પોલિસી સંજીવનીનું કામ કરે છે. પણ કઇ પોલિસી કઢાવવી ? મેડીક્લેમ પોલિસી તો કઢાવી લીધી પણ આગળ શું ?અવા અનેક સવાલો આપણા મનમાં હશે... ક્લેમ કેવી રીતે કરવું ? ક્યાં કરવું ? એવા અનેક સવાલોના સમાધાન માટે... શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા એક પરિસંવાદનો આયોજન જ્ઞાતિજનો માટે 'મેડીક્લેમ પોલિસી જાગૃતિ' રાખવામાં આવેલ. જ્ઞાતિહિત માટે તેમજ ત્રણ મહિનાના લાંબા ગાળાથી અટવાયેલા મેડીક્લેમ ફાઇલ લઇને આવેલ જ્ઞાતિજનોનો તેમની સમસ્યાનો અભ્યાસ કરીને શ્રી બીપીનભાઇ નાગડા તેમજ તેમની એક્સપર્ટની ટીમ પણ ત્યાં આવેલ. તેમના પ્રશ્નોના સમાધાનનું વચન આપેલ. તેમજ આવા અટવાયેલા અનેક સમસ્યાઓના ઉકેલ તેમણે જણાવેલ.

નોંધ : સેમિનારમાં આવેલ પ્રવિણાબેન એસ. જીવાણી (થાણા) ની છેલ્લા ૨ વર્ષના લાંબા સમયથી અટકેલ મેડીક્લેમનું નિવારણ શ્રી બીપીનભાઇએ આપેલ વચન મુજબ રૂા.૨,૦૦,૦૦૦/- નો ક્લેઇમ પાસ કરાવી તાબડતોબ ધોરણે ઓનલાઇન ફંડ પ્રવિણાબેનના ખાતે ટ્રાન્સફર કરાવેલ. જે આ સેમિનારનું સફળતા તેમજ જમા પાસુ રહ્યું છે.




શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટનું બેનર



મહાજન પ્રમુખશ્રી કલ્પેશભાઇ મોતા દીપ પ્રજ્વલીત કરતાં



શ્રી બીપીનભાઇ નાગડા દીપ પ્રજ્વલીત કરતાં



શ્રી નવકાર મહામંત્ર પઠન કરતા જ્ઞાતિજનો



જ્ઞાતિજનો સમક્ષ સંબોધન કરતા શ્રી બીપીનભાઇ નાગડા



જ્ઞાતિજનો સમક્ષ સંબોધન કરતા શ્રી સંદેશ મિશ્રા



સેમિનારમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



શ્રી બીપીનભાઇનું સન્માન કરતાં મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઇ



શ્રી સંદેશ મિશ્રાનું સન્માન કરતા શ્રી હેમંતભાઇ ધુલ્લા



શ્રી યાદવનું સન્માન કરતાં શ્રી જીવરાજભાઇ લોડાયા





વિવિધ સમસ્યા બાબતે સવાલ કરતા જ્ઞાતિજનો



વિવિધ સમસ્યા બાબતે સવાલ કરતા જ્ઞાતિજનો



સમસ્યાઓના સમસ્યાનું સમાધાન જણાવતા શ્રી બીપીનભાઇ



મેડીક્લેમ બાબતે ડોક્યુમેન્ટસ તપાસતા અને તેની નોંધ લેતા



મેડીક્લેમ સેમિનાર દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો

## જાગો જ્ઞાતિજનો હવે તો જાગો !



રવિવાર. તા. ૧૩.૧૧.૨૦૧૬ના રોજ શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તરફથી મેડીકલ અવેરનેસ તેમજ મુંજાવતા પ્રશ્નો તેમજ ક્લેમ પાસ ન થયા હોય તેનું નિવારણ વગેરે માટે સેમિનાર શેઠશ્રી નરશી નાથા બેન્ક્વેટ (એ.સી.) હોલ, ભાંડુપમાં રાખવામાં આવેલ. પ્રમુખ વક્તા શ્રી બીપીનભાઇ પાશ્વીર નાગડા અને શ્રી સંદેશ મિશ્રા હતા.

લગભગ ૭૦૦ થી ૮૦૦ જણાની પોલીસી ધારકોને શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટે વ્યક્તિગત ફોન કરી જાણ કરેલ. ૨૫ થી ૩૫ ગ્રુપ (જેમાં ૨૫૬ વોટ્સએપ મેમ્બર્સના ગ્રુપ) જેમાં પણ વારંવાર સંદેશાઓ મોકલવામાં આવેલ. તેમજ **SMS** દ્વારા પણ જાણ કરવામાં આવેલ. પ્રકાશ સમીક્ષામાં ફુલપાન જાહેરખબર આપવામાં આવેલ તેમજ બીજા માધ્યમો દ્વારા પણ વહેલાસર જાણ કરવામાં આવેલ.

અફસોસ સાથે જ્ઞાતિજનોને જણાવવાનું કે ટ્રસ્ટ અને મહાજન તેમજ બીજા પદાધિકારીઓ સિવાયના ૪૦ જ્ઞાતિજનોની પાંખી હાજરીમાં મજબૂરીથી આ સેમિનાર ૧૦૦ % જ્ઞાતિહીત સાથે ૩ મહિનાના લાંબા સમયથી અટકેલા ક્લેમ ફાઇલ લઇને આવેલ ૩ જ્ઞાતિજનોએ લગભગ રૂા.૪,૫૦,૦૦૦/-ની આસપાસ થવા જાય છે. ત્યાં અભ્યાસ કરીને શ્રી બીપીનભાઇ નાગડા તેમજ તેમની એક્સપર્ટ ટીમ પણ ત્યાં આવેલ. તેમણે આ રકમ આપવાનું વચન આપેલ છે. જે આ સેમીનારની મોટી સફળતા ગણી શકાય.

અંદાજ એવો હતો કે ૩૫૦ થી ૪૫૦ જણાની હાજરી થશે, તેમજ લાંબા સમયથી અટકેલા ક્લેમની રકમ અંદાજે રૂપિયા કરોડથી પણ વધારે હોઇ શકે તે સફળતા પૂર્વક નિવારણ કરી શકાયું હોત. જ્ઞાતિના બે રૂપ જોવા મળે છે. એક તો એક લાખ સુધીના પ્રિમિયમની રકમ જે જ્ઞાતિજન ભરી શકતા નથી તેઓના પ્રિમિયમની રકમ અથવા તો જે લોકો યથાશક્તિ મુજબ રૂા. ૨૫૦, ૫૦૦, ૧૦૦૦ વગેરે ભરે છે. બાકીના રહેતી રકમ શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવે છે. તેનો પણ લાભ લેવો નથી. દોઢ લાખ અને તેથી ઉપરના પ્રિમિયમની રકમ જ્ઞાતિજનને પોતાના ભરવાના હોય છે.

આ સેમીનારની પાંખી હાંજરી તેમજ અનંતસિધ્ધિ અને ભાંડુપના વિસ્તારની સંપૂર્ણ ગેરહાજરી વિચાર માંગતી હતી. જે આયોજન માટે છેલ્લા બે મહિનાની જહેમત તેમજ માનવશક્તિ સાથે નાણાનો વ્યય કર્યા પછી જ્ઞાતિજનોએ શું મેળવ્યું ? શું ભવિષ્યમાં પણ આવા આયોજનો કરવા જોઇએ ? જ્ઞાતિજનોની કરમ કઠણાઇ કે આયોજન કર્તાઓ માટે નો કોઇ વિરોધ ! જે કળવું મુશ્કેલ છે.

સુજ્ઞ જ્ઞાતિજનો આપના મંતવ્યો ચર્ચાના ચોતરેમાં જણાવવા નમ્ર વિનંતી. લિ. જ્ઞાતિ હિતચિંતક - બીપીનભાઇ પાશ્વીર નાગડા

## શ્રી કચ્છ નલીયા નગરે સહિરક શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ

શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયે સહિરક શતાબ્દી વર્ષ સહ ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે પંચાન્હિકા મહોત્સવમાં પધારનારા યાત્રિકોનું રજિસ્ટ્રેશન તા. ૧૦-૧૧-૨૦૧૬ સુધી પદમકુમાર ડી. નાગડા પાસે પુર્ણ થઈ ગયું છે. હવે જેમણે રજિસ્ટ્રેશન નથી કરાવ્યું તેમણે મહેરબાની કરીને પોતાની સગવડ પોતાના હિસાબે કરવાની રહેશે. છતાંય શક્ય હશે તો મહાજન સગવડ કરવાની કોશિશ જરૂર થી કરશે.

પંચાન્હિકા મહોત્સવની આમંત્રણ પત્રિકા કોઈપણ નલીયા ગામવાસીને નહી મળી હોય, કોઈ નુ સરનામુ બદલાયું હોય કે કોઈ અન્ય કારણસર પત્રિકા નહિ મળી હોય તો તેમને નમ્ર વિનંતી નીચે જણાવેલ ફોન નંબર ઉપર સરનામું જણાવશો તો તમને પત્રિકા મોકલી આપવામાં આવશે.

### આપના સાથ અને સહકાર માટે ખૂબ ખૂબ આભાર

### સ્વયંસેવક બની મહોત્સવની શોભા વધારો

સહિરક શતાબ્દી વર્ષ સહ ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે નલીયા પધારનાર ભાઈઓ અને બહેનોને નમ્ર નિવેદન કે જે વ્યક્તિને 'સ્વયંસેવક (વોલીન્ટર - કાર્યકર)' બનવામાં રૂચિ હોય તથા જે કાર્યમાં રૂચિ ધરાવતા હોય તે જણાવે. તેમણે નમ્ર વિનંતી પોતાની જાણકારી નીચેના નંબર પર ફોન, અથવા વોટ્સઅપના માધ્યમથી જણાવશો. આપના આ રજિસ્ટ્રેશન મારફતે અમને આપ સૌને કાર્યના માર્ગદર્શન માટે સરળતા રહે.

કાર્યકરોની જહેમતથી મહોત્સવને સફળ બનાવી નલીયા નગરે આ સહિરક શતાબ્દી પંચાન્હિકા મહોત્સવને સુવર્ણ અક્ષરે અંકિત કરીએ **''આપનો સાથ અને સહકાર મહોત્સવની શોભા છે.''**

**આપના સાથ અને સહકારની આશાસહ**

**સંપર્ક :**

**મયુર ગોવિંદજી દંડ :** મોબાઈલ/વોટ્સઅપ - 09820980779

તથા

**વિરેન્દ્ર ભવાનજી લોડાયા :** મોબાઈલ/વોટ્સઅપ - 09821073830

**આપના આગમનના અભિલાષી**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન** - નલીયા

**શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ** - નલીયા

## સોચ કો બદલ ડાલો – પ્રવીણ લોડાયા, વડોદરા

એક વખત લાલપુરમાં ભલારા દાદાના સ્થાનકે મલકાપુરના શ્રી છગુશેઠને એક્યુપ્રેશરની ટ્રીટમેન્ટ કરતી વખતે સાંભળ્યું હતું કે સોચ કો બદલ ડાલો. એક પેશન્ટને તેના વિચારોને બદલવાનું છગુશેઠ સમજાવતા હતા. આ વાત આજે એટલા માટે યાદ આવી કે ફિલ્મ એક્ટર ઈરફાન ખાને ટવીટ કરતાં લખ્યું હતું કે કુરબાનીનો અર્થ બકરાંના ગળાં કાપવાનો થતો નથી, પરંતુ તમારી સૌથી પ્રિય વસ્તુનો ત્યાગ કરવો એવો થાય છે. ઈરફાને પોતાની સોચ બદલી.

ઈરફાન ખાનના આ વિધાનના પગલે મુસ્લિમ ધર્મગુરુઓ ભડકી ઊઠ્યા છે. તેમણે કહ્યું કે ઈરફાને એની ફિલ્મો સિવાયની બાબતોમાં ટાંગ અડાડવાની જરૂર નથી. મૌલવી કલામ રઝા નૂરીએ કહ્યું છે કે, 'ઈરફાન અજ્ઞાની છે એને ખબર નથી કે કુરબાનીનો મતલબ સામાજિક બુરાઈ સામે લડવાનું જુનૂન પેદા કરવાનું છે, હિન્દુ, મુસ્લિમ, શીખ અને ઈસાઈ ધર્મમાં કુરબાનીનું પોત-પોતાનું મહત્ત્વ છે, જેને ક્યાંક બલિ કહેવાય છે. તો ક્યાંક કુરબાની.'

ઈરફાને વળતો જવાબ આપીને કહ્યું કે, 'મારા બયાનથી દુઃખી થયેલા ભાઈઓ આત્મ વિશ્લેષણ કરવા તૈયાર નથી. ધર્મ, કરૂણા-જ્ઞાન અને સંયમનો સ્રોત છે, કટ્ટરતાનો નહીં. હું મૌલવીઓથી ડરતો નથી, કારણ કે આ દેશ પર એમની ઠેકેદારી નથી.

ઈરફાને કહ્યું કે – રૂઢિચુસ્તતા, કટ્ટરતામાં રીતિ-રિવાજનો અસલી અર્થ ખોવાઈ ગયો છે. બકરાની કુરબાની ચઢાવાની પ્રથા ત્યારે શરૂ થઈ હતી, જ્યારે બકરાનું માંસ આહારનો મહત્વનો સ્રોત હતું અને ઘણા લોકોને એય નસીબ થતું ન હતું. આજે આ આખી પ્રથા બેમતલબ છે.

ઈરફાને એ પણ કહ્યું કે બચપણમાં મજહબ માટે એને શીખવવામાં તમારો પાડોશી ભૂખ્યો હોય તો એને મૂકીને ખાવું ન જોઈએ. જુલમ અને નરસંહાર કરવો એ ઈસ્લામ નથી.

ટૂંકમાં જબરદસ્તી ભૂખ્યા રહેવું એ ઉપવાસ નથી, તેમ પશુઓનો બલી ચઢાવવો એ પણ ત્યાગ કે બલિદાન નથી.

જે લોકોને પ્રતીકો અને પ્રથામાં વિશ્વાસ છે તેમના ગળે આ વાત ન ઉતરે પરંતુ માન્યતાઓને જો આપણે ધર્મોના રિવાજમાં જ કેદ થયેલી રાખશું અને એના ફિલોસોફિકલ દૃષ્ટિકોણથી જોવાનો ઈન્કાર કરશું તો આપણે ધર્મોની સ્થૂળતામાંથી ક્યારેય બહાર નહીં આવી શકીશું. જીવનની સૂક્ષ્મતાને પામી નહીં શકીએ.

ત્યાગનો વિરોધી ભાવ લૌકિક દૃષ્ટિએ લોભ, લાલચ અને મોહ પ્રતિ આસક્તિ છે. જે આસક્ત છે તે ખુદગર્જ છે અને જે ખુદગર્જ છે, તેનામાં કરૂણા નથી. પૂરી કટ્ટરતા આ


।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૯. • ઈમેલઃ anantnathderasar@gmail.com

**સામાન્ય સભા**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ ની એક સામાન્ય સભા સંવત ૨૦૭૩ના માગસર વદ ૦૪ તા. ૧૭/૧૨/૨૦૧૬ શનીવારના સાંજના ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર સામાન્ય સભામાં ચર્ચા, વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.**

**કાર્યસૂચી**

૧. ગત તા. ૦૬/૦૬/૨૦૧૬ની સભાની કાર્યવાહિનુ વાંચન અને બહાલી.
૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાત મહાજન મુંબઈ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુંમતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૫-૧૬ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.
૩. શ્રી વસ્તીપત્રક સમિતિ દ્વારા તા. ૧૮/૫/૨૦૧૬ મોકલાવેલ પત્ર મુજબ વસતીપત્રક બંધારણ અનુસાર નવી સમિતિનું ગઠન કરવા માટે મુંબઈમાં વસતા મુંબઈ મહાજનશ્રીના સભ્યોમાંથી ૧૦ (દસ) જ્ઞાતિજનોની વરણી/નિમણૂંક કરવા બાબત. (ઈચ્છુક જ્ઞાતિજનોએ મુંબઈ મહાજન ઓફીસમાં તા. ૧૦/૧૨/૨૦૧૬ સુધીમાં અરજી કરવી.
૪. પ્રમુખશ્રી ની મંજુરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ લિ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ વતી**

માનંદ મંત્રીઓ : **રમેશ હીરજી લોડાયા, ચેતનકુમાર ખીમજી મોમાયા**

**નોંધ :** (૧) સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે. (૨) મુલતવી રહેલી સભામાં કાર્યસૂચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઈ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહીં. (૩) ૧૫-૧૬ વર્ષની (ઓડિટેડ) અન્વેષિત હિસાબોની નકલ મહાજનશ્રીની ઓફિસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૩૦ દરમ્યાન સંપર્ક કરવો.

કરૂણાંના અભાવમાંથી મજબૂત થાય છે.

આપણા દિલમાંથી કરૂણાના સ્રોત સુકાઈ ગયા છે. એટલે જ અમદાવાદમાં ૫,૮ અને ૧૦ વર્ષના બાળકો અઠ્ઠાઈ કરે છે. ત્યારે આપણને કાંઈ લાગતું નથી. છોકરાઓના મા-બાપ ખુશ હોય છે કારણ એમના ફોટાઓ છાપામાં છપાય છે. જુઓ મા-બાપે કેવા સંસ્કાર આપ્યા. કોલર ટાઈટ થાય છે. ઘેટ્સ માય સન કહેતા એમના અભિમાનને પોષણ મળે છે.

૨૫૦૦ વર્ષોથી જે રૂઢિઓ આપણા માનસમાં અંકિત થઈ ગઈ છે. તેને કાઢતા હજી બીજા ૨૫૦૦ વર્ષ લાગશે. કારણ મેં એવા એન્જીનીયરને જોયા છે જેમની આવક ૭ આંકડાની બહાર છે છતાં મહારાજ સાહેબના પગલા પાડવા સફેદ રૂમાલ શોધવા દોડાદોડી કરતા હતા. ભણેલા છે એટલે તર્કશાસ્ત્રમાં આપણને હરાવી શકે, પોતાનો કકકો ખરો કરી શકે પણ માનસિકતા હટાવવા એમને પણ ખાસ્સી મહેનત કરવી પડશે.

સોચ ને બદલવા માટે ઘણી મહેનત જોઈશે. જૈન ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ. ઘણા જ્ઞાનભંડારો, પુસ્તકાલયોમાં પુસ્તકો સડી રહ્યા છે. ઉધઈ ખાઈ રહી છે, મારા જેવો સનકી માણસ બંધ રૂમોમાં જઈને હવા-ઉજાસ વગરના ધુળ ખાતા કબાટોમાં ફંફોળી શરદી અને દમની પીડા લે છે. ધર્મના સંતાનો પોતાના ધર્મ વિશે અજ્ઞાની રહે એનાથી વિશેષ કઈ કમનશીબી કહેવાય ?


**વર્ષીતપના તપસ્વીઓની અનુમોદના, ગુરૂગુણોદય સ્વર્ણિમ વર્ષીતપ વિશેષાંક**

ક્ષમા-દર્શન દ્વારા પ્રકાશિત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. ના સુવર્ણ વર્ષીતપ નિમિતે ગુરૂ-ગુણોદય સ્વર્ણિમ વર્ષીતપ વિશેષાંક પ્રગટ થશે.

આ અંકમાં વર્ષીતપ કરનાર સૌ ભાઈ-બહેનો ના પુરા નામ, ગામ, હાલમા ક્યાં રહે છે(એરિયા) પ્રગટ થશે (ફોટા નહી) અને વર્ષીતપ કરનાર પૂ. સાધુ-સાધ્વી ભગવંતોનાજ ફક્ત ફોટા પ્રગટ થશે.

તો. વર્ષીતપ કરનાર શ્રાવક-શ્રાવિકાઓ એ પોતાનું ત્રણ પેઢી સુધી નુ નામ, અટક, ગામ અને એરિયા લખી ને, તેમજ પૂ. સાધુ-સાધ્વી ભગવંતો એ પોતાનું ફોટો પાછળ પુરુ નામ લખીને નીચેના ઈ-મેલ ઉપર અથવા વોટસઅપ મોકલી આપવા વિનંતી. E-mail: ramanshethia@yahoo.com વોટસઅપ: જય શેઠિયા ૯૯૬૭૯૦૩૬૬૩, રિધ્ધિ ૯૦૨૨૬૭૪૨૫૦ આ ભગીરથ ફાર્મના ખર્ચ માટે નાની શુભેચ્છક તેમજ ફોરકલર જાહેરાત સ્વીકારવામાં આવશે, સહકાર આપવા વિનંતી.

તા.ક. : જો વર્ષીતપના તપસ્વીઓના ફોટા નાખવા હોય તો જાહેરાતમાં આવી શકશે.

**સંપર્ક : રમણ શેઠિયા : ૯૮૧૯૭૨૩૬૬૩**



## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઊપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

**૨૯ મી પુણ્યતિથી**



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૮૭**

**(તેરા કચ્છ)**

**નવમી પુણ્યતિથી**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિ:સ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

~ શ્રધ્ધાંજલિ સુમન ~

**સમસ્ત આણંદ પરિવાર**

**નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન- હૈદરાબાદ

### દિવાળી સ્નેહ મિલન ૨૦૧૬ / હૈદ્રાબાદ અહેવાલ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન- હૈદરાબાદ દ્વારા તા. ૬.૧૧.૨૦૧૬ના શ્રી કચ્છી ભવન હૈદ્રાબાદ મધ્યે દિવાળી સ્નેહ મિલન ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. સર્વ સભ્યોએ સાંજે ૪ થી ૬ અલ્પાહારની મોજ માણી હતી.

સાંજે ૬.૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થયેલ. મંચ ઉપર પ્રમુખશ્રી ધનપત લાલજી મોતા, ઉપપ્રમુખ શ્રી ધીરજલાલ ખેતશી ધુલ્લા, માનદ્ મંત્રીશ્રી મોનીક વિનોદ ધરમશી, ખજાનચી શ્રી વિરેન્દ્ર શીવજી મોતા તથા મહિલા મંચના પ્રમુખ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા, માનદ્ મંત્રીણી જ્યોતી મહેન્દ્ર મોતા બિરાજમાન હતા.

શરૂઆત નવકાર મંત્ર ધૂનથી થયેલ. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવી દિપ પ્રજ્વલિત કરી સભા શરૂ કરવામાં આવી. વર્ષ દરમ્યાન અવસાન પામેલ દિવંગત આત્માને બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

પ્રમુખશ્રી ધનપતભાઈએ નૂતન વર્ષની શુભકામના આપી હતી. દરેક સભ્યને વર્ષ માટે સુખ, સમૃદ્ધીની શુભેચ્છા આપી હતી.

માનદ્ મંત્રી શ્રી મોનીક ભાઈએ શુભેચ્છા સહ ગત વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો.

૧) પ્રથમ વાર કેડીઓ અને કેવીઓના સહયોગથી એક પરિચય મિલન (સગપણ સેતુ)નું આયોજન કચ્છી ભવનમાં કરવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં યુવકને યુવતીઓએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનાં મુખ્ય દાતા શ્રી ગુલાબ પદમશી મોતા હતા.

૨) કેડીઓના આજ સુધીના સમયમાં પ્રથમ વાર ગ્લોબલ સમીટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિજનેસ વિષય પર બેંગ્લોર તાજવીવાન્તામાં ત્રણ દિવસ ૭-૮-૯ જાન્યુઆરી ૨૦૧૬ના આયોજન કરવામાં આવેલ. હૈદ્રાબાદમાંથી ભાઈઓએ અને બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

૩) એક પર્યટન 'હલો ફરેલા' સમરગ્રીન રીસોર્ટમાં કરવામાં આવેલ જેમાં સોથી વધુ સભ્યોએ ભાગ લીધેલ. વોટર સ્પોર્ટ રમત ગમત, ક્રિકેટ એમ બધાજ વયનાં સભ્યો માટે ઉત્સાહપૂર્વક ભાગ લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ.

૪) વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના શૈક્ષણિક વર્ષમાં સર્વોચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું માતુશ્રી જેતબાઇ જેતશી ધુલ્લા રજત પદકથી બહુમાન કરવામાં આવેલ. શિક્ષણ સહાયતા અનુદાન આપનાર શ્રી ધનપત લાલજી મોતા, શ્રી હેમાંગ મણીકાંત મોમાયા, શ્રી મોનીક વિનોદ ધરમશી, શ્રી હિરેન (રાજૂભાઈ) મુરજી પટેલ, શ્રી ગુલાબ પદમશી મોતા, શ્રી ધીરજ જેતશી ધુલ્લા, શ્રી વિરેન્દ્ર શીવજી મોતા આદિનો આભાર માનવામાં આવેલ.

૫) તા. ૨૩.૧૦.૨૦૧૬ના શ્રી કચ્છી ભવનમાં શ્રી કચ્છી મિત્ર મંડળના નેજા હેઠળ યોજાયેલા શ્રી ધનજી લખમશી સાવલાના અભિવાદન સમારોહમાં આપણે શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજને ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. સમારોહના ખર્ચ માટે રૂા. ૫૦ હજારનું અનુદાન આપેલ.

૬) વર્ષ ૨૦૧૬ના સ્વામીવાત્સલ્યનાં દાતા માતુશ્રી સ્વ. લક્ષ્મીબેન શામજી લાલકા વાંકુ હાલે હૈદ્રાબાદ, હસ્તે શ્રી માણેકજી શામજી લાલકાનું સન્માન કરવામાં આવેલ અને આભાર વ્યક્ત કરવામાં આવેલ. દિવાળી સ્નેહમિલનની ગીફ્ટો સ્પોન્સરર શ્રીમતી હીરાવંતીબેન ધનપત મોતા પરિવાર તરફથી આપવામાં આવેલ.

૭) આપણા સમાજની બાલિકાઓએ બહુ સરસ સ્વાગત નૃત્ય રજુ કરેલ.

૮) શ્રી કચ્છી દશા ઓસવાલની મહિલા સમિતિની બહેનો દ્વારા 'બ્રાઈડ્સ ઓફ ઈન્ડીયા'નો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

૯) બધી જ વયનાં સભ્યો માટે સંગીતમય મસ્તી ભરેલ મ્યુજીકલ તમ્બોલાની રમતમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

૧૦) શ્રી દશા ઓસવાલ કચ્છી મહાજની ૩ વર્ષ માટે ૨૦૧૬ થી ૨૦૧૯ ૧૧ જણાની કારોબારી સમિતિ બીનહરીફ ચુંટાઈ હતી. ૧) શ્રી ધનપત લાલજી મોતા ૨) શ્રી મોનીક વિનોદ ધરમશી ૩) શ્રી ધીરજ જેતશી ધુલ્લા ૪) શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા ૫) શ્રી વિરેન્દ્ર શીવજી મોતા ૬) શ્રીમતી કાંતાબેન દંડ ૭) શ્રી હિરેન (રાજુભાઈ) મુલજી પટેલ ૮) શ્રી ગુલાબ પદમશી મોતા ૯) શ્રી હેમાંગ મણીકાંત મોમાયા ૧૦) શ્રી કિર્તી નરશી મોમાયા ૧૧) કાંતીલાલ દામજી મોતા ચૂંટણી અધિકારી શ્રી વસંત ઉમરશી વોરાએ નામોની જાહેરાત કરી હતી.

૧૧) ૨૦૧૭નાં સ્વામી વાત્સલ્યનાં દાતા શ્રીમતી જયશ્રીબેન ભરત પદમશી મોતા ગામ કુવાપધર હાલે હૈદ્રાબાદના પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

મારા સહ કાર્યકર્તાઓ શ્રી હેમાંગ મોમાયા, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી ધીરજભાઈ ધુલ્લા, શ્રી લહેરચંદ લોડાયા, શ્રી ગુલાબભાઈ મોતા અને શ્રીમતી કાંતાબેન દંડના સહયોગ માટે ખૂબ ખૂબ આભાર. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રશ્મિબેન રાજેશ લોડાયા એ સુંદર રીતે કરેલ હતું.

**- મોનીક વિનોદ ધરમશી** (માનદ્ મંત્રી)

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574** રવિવારે બંધ
**Originally at Zaveri Bazar since 1976**

**બ્લેક ફૉરેસ્ટની રહસ્યમય રમણીયતા** - પાના નં. ૨૦થી ચાલુ

બ્લેક ફોરેસ્ટની ઉત્તર-સીમા પર આવેલું બાડન-બાડન શહેર માર્ક ટ્વેન, વિક્ટર હ્યુગો, વિક્ટોરિયા બેકહેમ જેવા લેખકો, કલાકારો, ધનિકો અને સેલિબ્રિટિઝનું માનીતું સ્પા ટાઉન છે. રાણી વિક્ટોરિયા સુધ્ધાં અહીં રજાઓ ગાળવા આવતાં. અમે પહેલો વિરામ બ્લેક ફોરેસ્ટની સીમા પર સ્થિત બાડન-બાડનમાં લીધો. બે હજાર વર્ષ પહેલાં જર્મનીમાં આવેલા રોમનો પોતાની સાથે સ્પા સંસ્કૃતિ લાવ્યા હતા. અહીં એમને શરીર પરના ઘા રુઝાવતા કુદરતી ખનિજોવાળા પાણીના ઝરા મળ્યા. પાછળથી એ સ્થળને બાડન-બાડન નામ મળ્યું. બાડન-બાડન પાસે આવેલો નેશનલ પાર્ક પર્યટકો માટેનું મોટું આકર્ષણ છે. તેમાં હાઈકિંગ, બાઈકિંગ જેવી આઉટડોર એક્ટિવિટીઝ કરવાનો ઘણો અવકાશ રહેલો છે. અહીંના વૃક્ષાચ્છાદિત પર્વતોમાં સેંકડો કિલોમીટર લાંબી હાઈકિંગ માટેની પગદંડીઓ છે. શિયાળામાં બધે બરફ છવાતાં અહીં સ્કિઈંગની મોજ ખૂબ ટેસથી લઈ શકાય છે.

બાડન-બાડનથી અડધા કલાકના અંતરે મમ્મલઝે નામનું સુંદર અને નાનકડું તળાવ આવેલું છે. પર્વતોમાં થઈને સરોવર સુધી પહોંચવાનો માર્ગ અદ્ભૂત છે. આ રસ્તા પર ડ્રાઈવનો આનંદ અનેરો હતો. ૩,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું અને પાઈન તરુવરોથી ઘેરાયેલું તળાવ અતિ રળિયામણું લાગે છે. એના કિનારે દુકાનો અને રેસ્ટોરાં આવેલાં છે. તળાવમાં બોટિંગ પણ કરી શકાતું હતું, પરંતુ અમે તળાવને કિનારે ચાલવાનું પસંદ કર્યું. બ્લેક ફોરેસ્ટને એટલી બધી પ્રસિદ્ધિ મળી છે કે અહીં પર્યટકોની ભીડ કાયમ જોવા મળે છે. ચાલતાં ચાલતાં અમે અહીંનું રમ્ય વાતાવરણ માણ્યું. એક પથર પર બેઠેલી મત્સ્યકન્યાની પ્રતિમા જોતાં ધ લિટલ મરમેઈડની વાર્તા તાજી થઈ. તળાવની આજુબાજુ પણ વાર્તાને વણી લેતાં કલાના નમૂનાઓ જોવા મળે છે.

લેકની નજીકમાં આકાશ નીચે ખુલ્લામાં અમુક લોકો બ્રેડ બનાવતા હતા. એમની પાસેથી તાજી, ગરમ બ્રેડ ખરીદી. ત્યારબાદ એક રેસ્ટોરાંમાં ગયાં. અહીં કૉફી અને ગેટો અથવા બ્લેક ફૉરેસ્ટ તરીકે ઓળખાતી ચેરી અને ક્રીમના પડોવાળી કેક ખાવાનો ચાલ છે.

બાડન-બાડનનો રોમન સ્થાપત્યની હેઠળ બંધાયેલો કેસિનો આધુનિક જમાનાના કેસિનોથી અલગ તરી આવે છે. સૂટ, ટાઈ જેવાં ફોર્મલ કપડાં પહેર્યાં હોય એમને જ અંદર પ્રવેશ મળતો હતો. જેમને કલા અને સ્થાપત્યમાં રસ હોય તેમને આ કેસિનો ગમી જાય એવો છે. ઝુમ્મરો અને પૂતળાંઓ કેસિનોને એક મહેલ જેવી ભવ્યતા બક્ષે છે. કેસિનોમાં પોણોએક કલાકની ગાઈડેડ ટૂર મળતી હતી. તેના થકી અમને કેસિનોના અનેક વિભાગ જોવા મળ્યા અને ઘણો ઈતિહાસ જાણી શક્યાં. અમે ફ્રિડરિશબાડ નામના સ્પામાં તપાસ કરવા ગયાં. પૈસા તો ઘણા આપવામાં હતા પણ જેણે અમને પ્રવેશ લેતાં અટકાવ્યાં એ હતો ત્યાંનો માહોલ. આ એક નગ્ન સ્પા છે જેમાં સ્ત્રી-પુરુષોએ સાથે જ સ્નાન લેવાનું હોય છે અને સ્ત્રીઓને સુધ્ધાં માલિશ કરનાર પુરુષો જ હોય છે !

અમે બાડન-બાડનથી ફ્રેઈડનસ્ટાટ સુધીનો ૬૫ કિમીનો માર્ગ લીધો જે સુંદર દશ્યોથી ભરપૂર છે. રસ્તામાં અમે બ્લેક ફોરેસ્ટ અને રાઈન નદીની કંદરાઓના ધુમ્મસભર્યા સૌંદર્યની સાક્ષાત્કાર કર્યો, રૂપકડાં લાગતાં નાનાં ગામો વટાવ્યાં. મને તો ગાઢ જંગલમાં ગાડી ચાલવતાં લાગતું હતું કે વાર્તામાંનું પેલું મિઠાઈનું ઘર અને ડાકણ ખરેખર અમને ક્યાંક દેખાઈ ન જાય !

ફ્રેઈડનસ્ટાટ પહોંચીને અમે સીધાં એના માર્કેટ સ્કવેરમાં ગયાં, જે ૬૫૦ ફીટની લંબાઈ ધરાવે છે અને જર્મનીનો તે સૌથી મોટો ચોક છે. ચોકની ચારે બાજુ કેટલાંક જૂનાં ઐતિહાસિક મકાનો આવેલાં છે. તે સિવાય દુકાનો અને કેફેસ છે. અહીં એક ચર્ચ પણ આવેલું છે, જેની બાંધણી એવી રીતે કરવામાં આવી છે કે સ્ત્રીઓ અને પુરુષો જુદાં બેસે છે છતાં, વ્યાખ્યાન આપતા પાદરીનું ધ્યાન બંને સમુદાયો પર રહે. ચોકમાં પચાસેક જેટલા ફુવારા છે જે આંખોને શીતળતા આપવા સાથે એક મનમોહક દશ્ય સર્જે છે. ગામમાં એક નિરીક્ષણ ટાવર આવેલો છે. એમાંથી ગામ અને જંગલના ઉત્તરીય ભાગનું સુભગ દર્શન થાય છે.

બ્લેક ફોરેસ્ટ કૂકુ ક્લોક ખરીદવા માટેનું આદર્શ સ્થળ છે. તપાસ કરતાં અમને જાણ થઈ કે બ્લેક ફોરેસ્ટમાં આવેલું ટ્રિબેર્ગ કૂકુ ક્લોક કેપિટલ તરીકે ઓળખાય છે અને પરંપરાગત કૂકુ ક્લોક ખરીદવા માટેનું ઉત્તમ સ્થળ છે. ફ્રેઈડનસ્ટાટની દક્ષિણે ટ્રિબેર્ગ લગભગ ૬૧ કિલોમીટરના અંતરે આવેલું છે. રૂકુ ક્લોક બનાવવામાં હસ્તકલાનો ઉપયોગ થાય છે અને જર્મનીનો બ્લેક ફોરેસ્ટનો વિભાગ આ કલામાં માહેર છે. કૂકુ ક્લોક બનાવનાર અને ખરીદનાર બંને પરંપરા જાળવે છે. ખરીદાયેલું કૂકુ ક્લોક પરિવારમાં એક પેઢીના હાથમાંથી બીજી પેઢીના હાથમાં જાય છે. ટ્રિબેર્ગમાં અનેક દુકાનો કૂકુ ક્લોકથી લદાયેલી હતી. જાતજાતના અને ભાતભાતનાં કૂકુ ક્લોક્સ જોવાની અમને તો મજા પડી ગઈ. દરરોજ ચાવી આપવી પડે એવાં અઠવાડિયે એક વાર ચાવી મરાવતા, સ્વિસ ઘરોની પ્રતિકૃતિ જેવાં, પરંપરાગત, ક્વાર્ટ્ઝ, યાંત્રિક, અલગ અલગ કદ અન ભાવ. અહીં ઘડિયાળોની પોતાની એક આગવી દુનિયા છે !

- બ્લેક ફોરેસ્ટની સૌથી નજીકનું મોટું એરપોર્ટ સ્ટટગાર્ટ (સ્ટુડગાર્ડ)નું છે, જ્યાંથી બ્લેક ફોરેસ્ટ ૪૦થી ૫૦ કિલોમીટર દૂર છે. ફ્રેન્કફર્ટથી ટ્રેનનું કનેક્શન બહુ સારું છે. ફ્રેન્કફર્ટ એરપોર્ટથી પણ બ્લેક ફોરેસ્ટ માટે ટ્રેન મળે છે.
- બાડન-બાડન સુધી જર્મનીમાંથી ટ્રેનથી પહોંચી શકાય છે. બાડન-બાડનથી મમ્મલઝે બસો જાય છે. બાડન-બાડનથી ફ્રેઈડનસ્ટાટ બસ કે ટ્રેન દ્વારા માત્ર આઠ યુરોમાં જઈ શકાય છે. બ્લેક ફોરેસ્ટમાં ટેક્સીથી પણ ફરી શકાય છે.

# હૈયે વળવાનલ બળે તોયે સાગર ગાય

- ગીતા જૈન

*અચાનક ફિલ બોસ્મન્સની રચના વાંચવામાં આવી...*

*: સુખી લોકો :*

માનવીના સુખનું ઊંડામાં ઊંડું રહસ્ય શું છે.
એની હું તલાશ કર્યા કરું છું.
સુખ કદાચ પૈસા, વૈભવ, માલમિલકત, નફો,
મહેફિલો, મજલિસો, ઉત્તેજનાઓ કે
આરામમાંથી મળતું હશે:

ના, આ બધાં સુખનાં કારણ હોવાનું
હું માનતો નથી.
મેં તો જોયું છે કે સાચા સુખી માણસો
ભીતરની સલામતી અને અનન્ય સરળતા
અનુભવતા હોય છે,
એમની પાસે હોય છે નાની નાની વસ્તુઓનો
સહજ આનંદ.

આવા સુખી માણસો જોઈને હું અચંબો
અનુભવું છું.
કારણ કે તેઓ ક્યારેય મૂર્ખ ઈચ્છાઓ
કરતા નથી.
સુખી માણસોમાં મેં કોઈ દિવસ અજંપો કે
વાસનાનો રઘવાટભર્યો રઝવાટ જોયો નથી,

પોતાની મહત્તા વિશેની કોઈ વાસના નથી હોતી.
અને મોટે ભાગે એમની પાસે હાસ્યનું
અદ્ભુત ઔષધ હોય છે.



આવી જ એક વ્યક્તિ મને રોજ જોવા મળે છે.... સવારના નવ-સાડા નવ વાગે ને જય શ્રીકૃષ્ણ / જય જિનેન્દ્રનો ભાવભર્યો પણ વયસ્ક અવાજ સંભળાય. સૌ પોતાના ઘરમાંથી દરવાજે આવે અને માનો હાસ્યસભર ચહેરો ને હાથની બે થેલીઓ મનને રણઝણાવી નાંખે. એક થેલી ગાય માટે અને બીજી પોતાના માટે.... કોઈ આપે, કોઈ ન આપે. માને મન બધા સમાન, કોઈ માત્ર ગાય માટે આપે પણ એમનું મુખ ન વંકાય!

ડૉ. અબ્દુલ કલામનું આ વાક્ય માએ વાંચ્યું હશે ?... 'સુંદર હાથ એ છે જે સમગ્ર દિવસ દરમ્યાન પળેપળ, હિંમત માગે તેવું, સાચું અને ઉત્સાહી કામ કરે છે.'

સમાજસેવાના પાઠ શીખ્યા વગર સ્વયં સમાજ પ્રત્યેની પોતાની ફરજ/ઋણ ચૂકવવા સ્વયં સંસ્થા બની ગયા. ન નામની જરૂર - ન ઑફિસ કે

*રે પંખીડાં! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો; શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો ?*
*પાસે જેવી ચરતી હતી આ ગાય, તેવો જ હું છું; ના, ના, કો દી તમ શરીરને કાંઈ હાનિ કરું છું.*

કર્મચારીની જરૂર કે ન પ્રસિદ્ધિની જરૂર!!!

હા! એ મા છે કચ્છ નવાવાસ દુર્ગાપુરના ૭૪ વર્ષના લક્ષ્મીબાઈ નારાણજી જોષી.... માત્ર નામ જ લક્ષ્મીનારાયણ પણ રહ્યા સદાય દરિદ્રનારાયણ!

હું એમને જય શ્રીકૃષ્ણ કહું એટલે તરત કહે 'હાણે મુકે જય જિનેન્દ્ર અચી વ્યો આય!' - બિનસાંપ્રદાયિકતાના રટણની કોઈ જરૂર ખરી ?

આશરે ૫૦ વર્ષથી મુંબઈમાં રહેતા મા એ એમના પતિ સાથે ૪૦ વર્ષ દૂધ પહોંચાડવાનું કામ કર્યું છે અને હવે પુત્રી પણ એ કામ કરે છે. વાત કરતાં કરતાં મા ભૂતકાળમાં સરી પડે છે. 'હવે તો સહેલું થઈ ગયું, ત્યારે તો આરેનું દૂધ કાચની બાટલીમાં આવતું, જાળવી જાળવીને ઘરે ઘરે પહોંચાડતા.'

એ કામ પુરું થાય ને બાળકોને શાળાએ મૂકવાની - તેડાગરની ભૂમિકામાં મા આવી જતા.

મહારાજના નામે ઓળખાતા એમના પતિના ૧૪ વર્ષ પૂર્વે થયેલા અવસાન બાદ ધીરે ધીરે મા એ કામ સંકેલી લીધું. ત્રણ પુત્ર અને ત્રણ પુત્રી સૌ સ્વતંત્ર રીતે પોતપોતાના સંસારમાં વ્યસ્ત છે. ત્યારે નાના દિકરા સાથે રહેતા મા એ એકલતા/ખાલીપો/શૂન્યાવકાશ કે અછતની ફરિયાદ કર્યા વગર સ્વયં પોતા માટે કાર્ય શોધી કાઢ્યું છે. જેને કરવું છે તેને માટે કોઈ કામ નાનું-મોટું નથી હોતું. કોઈ શું કહેશે એની ચિંતા નથી હોતી. એ ઝંપલાવી જ દે છે ને ધીરે ધીરે એ કાર્ય સ્વયં પોતાની ગતિ/આકાર પકડી લે છે.

મહિને માત્ર ત્રણ રૂા. લઈ લોહાણા મહાજનવાડીમાં ચાલતા બાળ મંદિરમાં એ બાળકોને મૂકવા જતા, એ મોટા થયેલા આજના સફળ વ્યક્તિઓ આજે પણ એમને મળે એટલે જરૂર માના ખબર પૂછે ત્યારે માના ચહેરાની કરચલીઓ હરીભરી થઈ જાય છે. માને છેડા ડ્રાયફ્રૂટ્સ - મુલુંડવાળા ઉદ્યોગપતિ મુકેશભાઈ, એમના મોટાભાઈ હેમંત છેડા કે કિરણ ભેદાને જોઈને ખરેખર આનંદ થાય. એમની આંગળીએ બાળ મંદિરમાં જઈને અક્ષરજ્ઞાનનો પ્રથમ કક્કો/એકડો ઘૂંટનાર આવા અનેક લોકો આજે મુલુંડમાં એક ખાસ્સું વ્યક્તિત્વ ધરાવે છે.

રોજ સવારે ઘરેથી નીકળે, બધાને ઘરે જાય. ગાય માટે, ફળ કે જે આપે તે થેલીમાં મૂકે, થેલી વજનદાર થતી જાય ને મા વાંકા વળતા જાય. હાથમાં લાકડી અને પાછળ એમના શ્વાનમિત્રોનો ટેકો એમને હસતા રાખે.

ગૌ સંસ્કૃતિના એ દેશમાં મુંબઈમાં ક્યાં કોઈને સમય છે ગાયને આહાર આપવાનો ? – મા એ આ કામ ઉપાડી લીધું છે જો કે ઉંમર વધવા સાથે હવે મા મકાનો ઓછા કરતા જાય છે.

ગાય માતાને ભોજન ખવડાવી એ દોઢ-બે કલાક મંદિરે ગાળે. હવે સાંજે સત્સંગમાં નથી જઈ શકતા. એક તો આંખે ઓછું દેખાય તેમજ સાંજની ભીડ એમને ભીંસી લે છે. ઘરે ભજન ગણગણતા રહે.

જિંદગીમાં એમણે સહજતાથી હળવાશ ભેળવી દીધી છે. કોઈ ફરિયાદ વગર એઓ ફરી ફરી પ્રભુને યાદ કરી લે છે. છોકરા મોટા અને સ્વતંત્ર થયા - પતિ ગુમાવ્યા - વય વધી - શરીર થાક્યું - આર્થિક પરવશતા. આવી એ સઘળી નિરાશાઓમાંથી પણ માએ રચનાત્મક નિરની સરવાણી શરૂ કરી છે.

કામ વગર કંટાળતા લોકો પોતાની આસપાસમાં આવું કાંઈક શોધી લે તો ? - મા એ વિષાદને બદલે વિકલ્પ પર ધ્યાન આપીને એક પ્રેરક હેતભર્યું કાર્ય શરૂ કર્યું છે ત્યારે નિરંજન ભગતને યાદ કરી લઈએ....

**હૈયાનો હિમાળો ગાળી ગાળીને**
**હવે રેલાવશું હેતની ગંગ રે વીરા,**
**આપણો ઘડીક સંગ**
**કાળની કેડીએ આપણો ઘડીક સંગ....**

* * *

*ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં; ખુલ્લું મારું ઉપવન સદા પંખીડાં સર્વને છે.*
*રે રે! તોયે કુદરતથી મળી ટેવ બીવા જનોથી; છો બીતાં તો મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની.*

# પુરસ્કાર

**– આશા વીરેન્દ્ર**



'મરાઠી સાહિત્ય અકાદમી'ના પુરસ્કારોની જાહેરાત થઈ ચૂકી હતી. શાલિનીતાઈ પોતે એને બીજા સાહિત્યરસિકો માનતા હતા કે, આ વખતે તો શ્રેષ્ઠ નવલકથાનો પુરસ્કાર એમની 'કાદમ્બરી'ને જ મળવાનો. હજી ગઈ કાલે જ એમની બાળસખી અવંતિકાનો ફોન હતો. એણે કહ્યું હતું, 'પુરસ્કાર ભલે કાલે જાહેર થવાનો હોય પણ મને ખાતરી છે કે, શ્રેષ્ઠ નવલકથાનો પુરસ્કાર તો તારા પુસ્તકને જ મળવાનો. પાર્ટી લીધા વગર તને છોડીશ નહીં હં!'

શાલિનીને મનમાં તો અવંતિકાની વાત બહુ ગમી હતી પણ નમ્રતા અને ગરવાઈ ખપાવતાં એણે કહ્યું, 'આટલી બધી હરખઘેલી ન થઈ જા. અગાઉથી કંઈ કહી ન શકાય, એ તો બધો નિર્ણાયકો પર આધાર હોય છે.'

આમ તો શાલિની વાગલેનું નામ મરાઠી સાહિત્યની દુનિયામાં ખૂબ આદરભેર લેવાતું. એમણે વિપુલ સાહિત્યસર્જન કર્યું હતું. નવલકથા, ટૂંકી વાર્તાઓ, કવિતા, નાટક દરેક પ્રકારમાં લખવાની એમને ફાવટ હતી. નાના-મોટા બધા ગણવા જઈએ તો અત્યાર સુધીમાં ચૌદ-પંદર પુરસ્કારો મળી ચૂક્યા હતા છતાં કોણ જાણે કેમ, આ સિત્તેર વર્ષની વયે પણ એમના મનમાં સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવવાની તીવ્ર ઝંખના હતી. રહી રહીને એમને થતું કે, લોકો વિચારશે કે, બીજા બધા તો ઠીક છે પણ સર્વોચ્ચ પુરસ્કાર તો શાલિનીને ન જ મળ્યો ને ? જો કે, કોઈની પણ સાથે વાત નીકળે ત્યારે એ એમ જ કહેતાં કે, 'એવોર્ડ-બેવોર્ડ તો ઠીક છે. મળ્યા તો ય શું ને ન મળ્યા તો ય શું ? મને તો મારા વાચકોનો પ્રેમ મળે એટલું બસ છે.' પણ એમનું મન તો જાણતું જ હતું કે, આ પુરસ્કાર મેળવવા તેઓ કેટલાં તલપાપડ છે!

સવારના પહોરમાં વિનાયકરાવનો ફોન હતો, 'આ હું શું સાંભળું છું શાલિનીતાઈ! આ વખતનો પુરસ્કાર તમારી 'કાદમ્બરી'ને નહીં ને પેલી 'બી' ગ્રેડ નવલકથા 'અજવાળી રાત-અંધારો દિવસ' માટે પ્રતાપ છોટે ને ? બહુ નિરાશા થઈ આ જાણીને.'

ગળે બાઝેલો ડૂમો ખંખેરતાં શાલિનીએ કહ્યું, 'કંઈ વાંધો નહીં વિનાયકરાવ! એ તો બધું એમ જ ચાલે. તમે ક્યાં નથી જાણતા આ પુરસ્કારો માટેનું રાજકારણ ? જેની જેટલી પહોંચ વધુ એટલા એ વધુ હકદાર. ખરું ને ?' ફિક્કું હસીને એમણે ફોન મૂકી દીધો.

આખો દિવસ મન પર એક ઉદાસી છવાઈ રહી. ક્યાંય ચેન પડે નહીં. રાત્રે સૂવા જતાં હતાં ત્યાં અમેરિકાથી દીકરા-વહુનો ફોન આવ્યો. દીકરાએ તો હંમેશની જેમ – 'કેમ છે ? તબિયત સારી રહે છે ને ?' એટલી વાત કરીને પોતાની પત્નીને ફોન આપ્યો. વહુના અવાજમાં ખુશી છલકાતી હતી, 'મા, મેની મેની કોન્ગ્રેચ્યુલેશન્સ. તમને એ જણાવવા માટે ખાસ ફોન કર્યો કે, માત્ર ઈન્ડિયામાં જ નહીં તમે તો અમેરિકામાં પણ લેખિકા તરીકે બહુ લોકપ્રિય છે. આજે મરાઠી સમાજના 'ગેટ-ટુ-ગેધર'માં તમારી

*જો ઊડો તો જરૂર ડર છે, ક્રૂર કો હસ્તનો હા! પાણો ફેંકે તમ તરફ રે! ખેલ એ તો જનોના.*
*દુ:ખી છું કે કુદરત તણા સામ્યનું ભાન ભૂલી; રે રે! સત્તા તમ પર જનો ભોગવે ક્રૂર આવી.*

'કાદમ્બરી'ને મુખ્ય વક્તાએ એટલી વખાણી, એટલી વખાણી કે.... વી આર પ્રાઉડ ઑફ યુ મા!'

મન પરનો બોજો કંઈક હળવો થયો. હવે કદાચ શાંતિથી ઊંઘી શકાશે એમ શાલિનીતાઈને લાગ્યું. બીજા દિવસથી મન પરથી બધું ખંખેરી નાખીને તેઓ થોડી થોડી તૈયારી કરવા લાગ્યાં. પંદરેક દિવસ પછી રાયગઢમાં મોટું સાહિત્ય સંમેલન હતું. એમને મુખ્ય વક્તા તરીકે હાજર રહેવાનું આગ્રહભર્યું આમંત્રણ મળ્યું હતું. વિષય હતો 'મારા જીવનનો સાર - મારું સાહિત્ય.' ડાયરી લઈને એમણે પોતાના વક્તવ્ય માટેના મુદ્દા નોંધવા માંડ્યા.

સંમેલનના સ્થળે શાલિનીતાઈના પૂરા કદના કટઆઉટ્સ મૂકવામાં આવેલાં. આખા શામિયાણામાં વિવિધ મુદ્રામાં એમની છબીઓ અને મંચ પર એમના ફોટા સાથેનું બેનર - 'શાલિનીતાઈ વાગલે ભલે પધાર્યા.' આ બધું જોઈને તેઓ ભાવવિભોર થઈ ગયાં. માનભેર એમને સ્ટેજ પર દોરી જવામાં આવ્યાં. મંચ પર એમણે પગ મૂક્યો કે તરત આખી સભાએ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધાં.

એમણે વક્તવ્યની શરૂઆત કરી ત્યાં શ્રોતાઓને લાગ્યું કે જાણે આજે સાક્ષાત્ સરસ્વતીએ એમની જીભ પર વાસ કર્યો હતો. પોતાના પ્રવચનમાં એમણે કહ્યું, 'હું કોણ ? શાલિની નામની એક સામાન્ય સ્ત્રી. એને આટલા આદર-સત્કારની અધિકારી કોણે બનાવી ? મા શારદાએ, એની કૃપા વિના આ કશું શક્ય નહોતું, આપ સૌ આટલા ઉમળકાથી મને જે પ્રેમ, સન્માન અને લાગણી આપો છો એ બધું એના ચરણે ધરું છું. એણે જ હાથમાં કલમ પકડાવી અને એ કલમ વડે હું કોઈની જિંદગીમાં આનંદની, ઉત્સાહની બે-ચાર ક્ષણ પણ લાવી શકી હોઉં તો એને મારું અહોભાગ્ય સમજું છું.'

મંચ પરથી ઊતર્યાં ત્યાં આયોજકે એક દંપતી સાથે એમની ઓળખાળ કરાવતાં કહ્યું, 'આ પતિ-પત્નીને જુઓ. ખાસ તમારા દર્શન કરવા અહીંથી ૮૦ કિ.મી. દૂર આવેલા ગામથી આવ્યાં છે.'

પતિ પોલિયોને કારણે કાખઘોડી લઈને ચાલતો હતો અને પત્નીની પીઠમાં ખૂંધ હોવાને લીધે વાંકી વળીને ખોડંગાતી ચાલતી હતી. શાલિનીતાઈ તો એમને જોઈને અવાક થઈ ગયાં. બેઉએ નજીક આવીને સજળ આંખે એમને પ્રણામ કર્યા. પતિ બોલ્યો, 'જિંદગીમાં એક વખત આપનાં દર્શન કરવાં હતાં, આજે અમારી ઈચ્છા પૂરી થઈ. મારું નામ નિખિલ અને આ મારી પત્ની મોના.'

'અમે બંનેએ તમારું બધું, બધું જ સાહિત્ય વાંચ્યું છે. ના, માત્ર વાંચ્યું છે એટલું જ નહીં, જીવનમાં ઉતાર્યું છે. તમારાં સર્જેલાં પાત્રોના વિચાર અને વર્તનને અમે આદર્શ માન્યા છે.' અહોભાવપૂર્વક કહેતાં મોનાએ પોતાની પાસેની થેલીમાંથી એક સુંદર શાલ કાઢીને શાલિનીતાઈને ઓઢાડતાં કહ્યું, 'અમે લગ્ન પછી મનાલી ફરવા ગયાં હતાં, ત્યાંથી નિખિલે પોતાની મા માટે આ શાલ ખરીદી હતી પણ હજી શાલ ઓઢે એ પહેલાં તો માએ જગતમાંથી વિદાય લીધી. આજે અમને બંનેને થયું, ચાલો, આ માને આપણી લાવેલી શાલ અર્પણ કરીએ. પ્લીઝ ના ન પાડશો.'

શબ્દોનો અખૂટ ભંડાર જેમનીપાસે હતો એવાં શાલિનીતાઈની મદદે આજે એક્કે શબ્દ ન આવ્યો. હા, આંસુએ મદદ કરી ખરી!

નિખિલ-મોનાને સજળ આંખે આશિષ આપતા તેઓ પોતાની જાતને પૂછી રહ્યાં - 'હવે જોઈએ છે તને કોઈ પુરસ્કાર ?'

* * *

*સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે;*
*સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.*
*– કલાપી*

## સમાચાર

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ જૈન મહાજન ભુજ દ્વારા સમાજનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના, સમૂહ ક્ષમાપના, તપસ્વીઓનું સન્માન, નવા વર્ષનું સ્નેહમિલન તથા સમાજનાં તેજસ્વી તારલોઓનું સરસ્વતી સન્માન કાર્યક્રમો સમાજનાં પ્રમુખ પ્રબોધ મુનવર, ઉપપ્રમુખ દિલીપ મોતા, મંત્રી ખુશાલ લોડાયા, સહમંત્રી હીરચંદ છેડા, મહિલા મંડળનાં અધ્યક્ષ જયાબેન મુનવર, દમયંતિબેન મોતા, ગીતાબેન લોડાયા તથા જયશ્રીબેન જીવાણીની ઉપસ્થિતિમાં સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં એકમ-ભવન ભુજ મધ્યે યોજાયો હતો.

સંસ્થાનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરે સૌને આવકાર આપી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. તપસ્વીઓનાં તપની અનુમોદના કરી સમાજનાં તેજસ્વી તારલાઓની સિદ્ધિઓને બિરદાવી હતી. આ પ્રસંગે જ્ઞાતિનાં વાર્ષિક પરીક્ષામાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સમાજનાં આગેવાનોનાં વરદ્ હસ્તે સન્માનિત કરવામાં આવેલ.

માસ્ટર ઓફ એન્જીનીયરીંગમાં પ્રથમ અને બીજા સેમીસ્ટરમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ જ્ઞાતિનાં કૃણાલ તિલક ડાઘાને આ પ્રસંગે ક.દ.ઓ. જૈન યુવક મંડળ ભુજ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન તુષાર જૈને જ્યારે આભાર દર્શન અભય ધરમશીએ કરેલ. વ્યવસ્થામાં હીરાચંદ છેડા, દીપેશ શાહ, પંકજ નાગડા, હેમંત છેડા, જય લાપસીયા, નિરવ મોતા તથા મહાજનશ્રી અને યુવક મંડળ તથા મહિલા મંડળનાં દરેક સભ્યોએ સહકાર આપ્યો હતો.

### શાંતિજિન જાગૃતિ ગ્રુપ આયોજીત સમુહલગ્ન અંગે વર-કન્યા પક્ષની બેઠક યોજાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ-મુંબઈ દ્વારા આયોજીત સમુહલગ્નોત્સવ-૨૦૧૬ની ચર્ચા વિચારણા કરવા વર-કન્યા પક્ષનાં વડીલોની એક બેઠક ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન તથા ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલના માર્ગદર્શન હેઠળ, સાંધવ જૈન મહાજનશ્રીનાં સહકારથી સાંધવ ગામે મળી હતી.

શ્રી જયેશભાઈ જૈને સમુહલગ્ન અંગે જરૂરી સૂચનાંઓ આપતાં જણાવ્યું હતું કે, ખોટા ખર્ચાથી બચવા સમુહલગ્નનું આયોજન થાય છે. ત્યારે ઘરે કોઈ કાર્યક્રમો યોજવા ન જોઈએ. સમુહલગ્ન સ્થળે ગ્રુપ દ્વારા લગ્ન પ્રસંગના દરેક કાર્યક્રમો એક સ્થળે યોજી સમુહલગ્નમાં જોડાનાર પાર્ટીઓને સંતોષવામાં આવે છે. વર-કન્યાપક્ષનાં વડીલોનાં આવેલ સૂચનો અંગે પણ સમજપૂરી પાડવામાં આવેલ. સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન અરવિંદ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં વિજયાબેન પટેલ, જયાબેન મુનવર, ખુશાલ લોડાયા તથા સાંધવ મહાજને સહકાર આપેલ.

### તીરૂપુર

પ.પૂ. મુનિ ભગવંત શ્રી ધર્મપ્રભસાગરજી આદિ ઠાણા ૩ શાતામાં છે. પ્રવચન શ્રી ધર્મશેખરસાગરજીનું જોશબેર આનંદ દાયક ચાલે છે.

તા. ૨૭-૯-૨૦૧૬નાં સામૂહિક વર્ધમાન તપના પાયાનું અનુષ્ઠાન વિધિ કરાવેલ તેમાં કુલ આઠ જણા એ ભાગ લીધેલ. સૌ. ભાવિની મોમાયા તથા સૌ. મીતા નાગડા એ પણ પાયા વિધિ કરેલ.

તા. ૩૦-૯-૨૦૧૬ના પ.પૂ.આ.ગચ્છાધિપતિ ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.નો કાળધર્મ તીથી નિમિતે અઠ્ઠમતપ કરાવેલ તેમાં શ્રી સતીષભાઈ નાગડા, મીના સીંઘવી અને પ્રીતી મહેતા એ અઠ્ઠમ તપ કરેલ પારણા શ્રી સંઘ તરફથી કરાવેલ.

ત્યારબાદ ચરિત્ર ઉપકરણ વંદનાવલીમાં પણ સકળ સંઘે સામાયિક, માલા, અષ્ટપ્રકારી પૂજા, કાજો કાઢવો વગેરેથી ચડાવા લઈ લાભ લીધેલ.

તા. ૭-૧૦-૨૦૧૬ થી આસો માસની આયંબિલની


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


એ ખરું કે ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ થયા પછીના કાળમાં સામાજિક-ધાર્મિક આયોજન કરવા વધુ જહેમત લેવી પડશે પણ હિંમત અને એકતા રાખશું તો સમાજજીવન સવાયું ધળકતું થશે.

– ચીમન મોતા *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૧-૧૬ | મુલુંડ/લંડન | ઈથન, રૂચી રોનક લહેરચંદ લાલજી સોની | સુથરી | પુત્ર |

### સગપણ (ભુલ સુધાર-મહાજન)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૧-૧૬ | મુંબઈ | સ્મિત જયચંદ લોડાયા | કોઠારા | ૨૬ |
| | ઘાટકોપર | જિનલ જવેરચંદ લાલકા | વારાપધર | ૨૩ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૧-૧૬ | માટુંગા | હર્ષિલ નિતિન વેલજી કુરવા | ગોધરા | ૩૦ |
| | વડનગર | હીના કાનજી અમીર વાલા | જુનાગઢ | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૧-૧૬ | હૈદ્રાબાદ | વિજયાબેન વેલજી ધરમશી | સુથરી | ૮૦ |
| ૧૭-૧૧-૧૬ | ડોમ્બીવલી | લક્ષ્મીબેન કલ્યાણજી મૈશેરી | લાલા | ૬૫ |
| ૨૦-૧૧-૧૬ | કારંજા | માકબાઈ જેઠાભાઈ ખેતશી ખોના | - | ૯૦ |
| ૨૨-૧૧-૧૬ | ડોમ્બીવલી | તેજબાઈ વિશનજી છેડા | સુથરી | ૮૬ |
| ૨૨-૧૧-૧૬ | કોચીન | ભદ્રિક મેઘજી ધરમશી | જશાપર | ૬૦ |
| ૨૩-૧૧-૧૬ | સાંગલી | હીરાબેન લક્ષ્મીચંદ લોડાયા | મંજલ રેલડીયા | ૮૬ |
| ૨૪-૧૧-૧૬ | ટીટવાલા | નલિનીબેન હીરાચંદ નાગડા | નલીયા | ૭૪ |
| ૨૪-૧૧-૧૬ | હુબલી | ચંદ્રકાન્ત ગંગાજર ધરમશી | કોઠારા | ૭૨ |

ઓળી શ્રી સંઘ તરફથી કરાવેલ તેમાં પણ ઓળી વાળા ૩૦ જણ અને છુટક આયંબિલ મળી નવ દિવસમાં ૩૩૦ આયંબિલ થયા. સમૂહ પારણા શ્રી સંઘ તરફથી કરાવેલ.

**શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૪/૧૨/૨૦૧૬ને રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી નવલબાઈ ગોવિંદજી ખોના પરિવાર - કોઠારાવાલા હા. કુ. વૈભવી જય કુમારના લગ્ન નિમિત્તે રાખેલ છે. આવતા માસની ભાવના તા. ૮/૧/૨૦૧૭ના છે જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર, નલીયાવાલાએ લીધેલ છે.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :** વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ધરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

# ભાવભીની શ્રદ્ધાંજલિ







જન્મ :
તા. ૦૭/૦૭/૧૯૩૭
ને બુધવાર

અરિહંત શરણ :
તા. ૨૬/૧૦/૨૦૧૬
(આસો વદ અગીયારસ
ને બુધવાર)

## શ્રી કુસુંમકાંત ટોકરશી નાગડા

(કચ્છ લાલા – ઘાટકોપર)

## Mr. KUSUMKANT T. NAGDA (K.T. JAIN)

*You have lived life like a lion, Salute and Respect to a brave soul.*
*The glow of your brilliant smile never fades, In our hearts you will always stay*
*Loved and remembered everyday*



સુના બજાર, સુના નાગડા નિકેતનના દ્વાર રે
સુના છે કંઈ લાલા ગામના ચૌક રે
નાગડા કુટુંબ પરિવાર દુઃખી થયુ આજ રે
ઓ કુસુંમકાંતભાઈ.... આવો અન્યાય નહોતો કરવો
પત્ની હિરાવંતી ને દુઃખ પડયું અપાર રે
કુમુદ, નીલમ-વિજય, ભુવન-પીંકી સામે જુઓ
કેમ દિપક આ બુજાઓ રે.... - ઓ કુસુંમકાંત ભાઈ.... આવો
બાળકો ધ્રુસ્કે ધ્રુસ્કે યાદ કરે છે દિન-રાત રે
ભુવનભાઈના મનડા કેમ રિજાય રે
ઓ ચિંતો આ કાળ કયાંથી આવ્યા રે - ઓ કુસુંમકાંત ભાઈ.... આવો
કલ્પાંત કરી રહ્યા છે ભાઈ સેવંતીલાલ, ફતેહચંદ, ભરત
જયરાજ ને બહેન હીરા, ઉર્મિલા, દમયંતી, પુષ્પા રે
નાગડા પરિવાર સુનો કરી છોડ્યો ઘર સંસાર રે - ઓ કુસુંમકાંત ભાઈ.... આવો
કર્યાથી આવી આ કાળની અણઘટિત ઘડી રે
નાગડા પરિવાર પ્રભુને પ્રાર્થના કરે રે
આપજો આ જીવને ચિર શાંતિ રે

- હિરાવંતી કે. નાગડા

Missing you dearly,
Loving Wife - **Hiravantiben, Kumud Mukesh Giri, Neelam Vijay Dand & Pinky Bhuvan Nagda**

***"We will always miss you Nanaji...."*** Dharini, Chintan & Khyati

**-: ઋણ સ્વીકાર :-**

નાગડા પરિવારના વડીલશ્રીના અરિહંત શરણ નિમિત્તે વિવિધ રૂપે સાંત્વના આપનારા
સૌ. સ્નેહી સ્વજનો, મિત્રોનો હૃદયપૂર્વક આભાર

**માતુશ્રી વિજયાબેન ટોકરશી નરશી નાગડા પરિવાર** (કચ્છ લાલા – ઘાટકોપર)
**માતુશ્રી ચંદનબેન વિશનજી દેવરાજ મોમાયા (પટેલ) પરિવાર** (કચ્છ સાંયરા)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (28-11-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## બ્લેક ફૉરેસ્ટની રહસ્યમય રમણીયતા

– ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર





ઊંચા અને ગીચ પાઈન વૃક્ષોનું વન, જેમાં સૂર્યનાં કિરણો પણ ન પ્રવેશી શકે, એવા વનને નામ મળ્યું બ્લેક ફોરેસ્ટ ! અંધકારે રહસ્ય સર્જ્યું અને વનના અસીમ સૌંદર્ય સાથે હાથ મેળવી મુસાફરોને બ્લેક ફોરેસ્ટ ભણી ખેંચ્યા. અમે પણ જર્મનીના આ રહસ્યમય અંધારવન તરફ ખેંચાયા વિના ન રહ્યાં.

બ્લેક ફોરેસ્ટ જર્મનીના દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. અમે જર્મન નગર હાઈડલબર્ગથી મોટર રસ્તે બ્લેક ફોરેસ્ટ જવા નીકળ્યાં ત્યારે નાનપણમાં વાંચેલી ગ્રિમ્મ ભાઈઓએ લખેલી પરીકથાઓ યાદ આવી ગઈ. આ જંગલનું એક કલ્પનાચિત્ર મનમાં હતું અને સાથે સાથે કુતૂહલ પણ હતું. જર્મન ભાષામાં શ્વાર્ત્સવાલ્ડ કહેવાતું ૧૬૦ કિલોમીટર લાંબું આ જંગલ સ્વિત્ઝર્લેન્ડની સીમા સુધી પહોંચે છે અને લગભગ ૬૦ કિમીની પહોળાઈ ધરાવે છે.

અનુસંધાન પાના ૧૨ પર

## સુરેશ ચાંપશી લઠીયાની અભણ મજૂરો માટે અનોખી સેવા



સુરેશભાઈ ચાંપશી લુઠીયાએ કોલ્લામ (કવીલોન)ની સ્ટેટ બેંક ઑફ ઈંડિયા ખાતે ૧૦ દિવસ સુધી સવારથી સાંજ સુધી અભણ મજૂરોને બેંકમાંથી રકમ મેળવવા સંબંધી કાગળો તૈયાર કરી આપવાની જે સેવા કરી તેની સ્થાનિક મલયાલમ અખબારે વિશેષ નોંધ લીધી હતી.



તેમણે એક અર્થમાં શ્રી કુલીનભાઈ લુઠીયા (માનવજ્યોત, મુલુંડ) અને વિરેશ લક્ષ્મીચંદ લુઠીયા (માનવજ્યોત, કલકત્તા)ની સેવા પરંપરા આગળ વધારી છે.

રોકડની તંગીના જમાનામાં આકર્ષક ઓફર !
આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
૨૦૦ થી ૨૫૦ જણવાળા પૂર્ણ પ્રસંગનું ધી બેસ્ટ આયોજન
માત્ર એકથી સવા લાખમાં !!!
સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,